No. of Printed Pages : 6

**FGT-01**

# BDP / BCA / BTS

## Term-End Examination

## June, 2022

## FGT-01 : FOUNDATION COURSE IN GUJARATI

*Time : 2 hours* *Maximum Marks : 50*

---

*આ પ્રશ્નપત્રમાં કુલ **6** પ્રશ્નો આપવામાં આવ્યા છે. બધા પ્રશ્નોના ઉત્તર આપવાના છે.*

---

**1.** નીચેના પૈકી ગમે તે ***એક*** વિષય પર નિબંધ લખો. *8*

(a) પરિશ્રમ એ જ પારસમણિ

(b) શિક્ષણનું માધ્યમ માતૃભાષા કે અંગ્રેજી

(c) સોશિયલ મિડિયા – અતિરેક

(d) પૂજે સહુ ઊગતા રવિને...

**2.** નીચેના પૈકી કોઈ પણ ***ચાર*** પ્રશ્નોના ઉત્તર આપો. *8*

(a) મુહિતા ધારણ કરવી એ છે મૈત્રીનું પ્રફુલ્લિત રૂપ – એટલે શું ?

(b) એક તરફ ભૂખ અને બીજી તરફ ભીખ – આને અનુલક્ષીને કાળુનું મનોમંથન વર્ણવો.

(c) નહેરુજી મશાલ દ્વારા શો બોધ આપે છે ?

(d) પ્રદૂષણના વિકટ પ્રશ્નો માટે કોણ કારણભૂત ?

(e) 'જક્ષણી' વાર્તામાં વ્યક્ત થતું અંધશ્રદ્ધાયુક્ત માનસ.

(f) સિગરામમાં વેઠવા પડેલા અપમાનનો પ્રતિકાર ગાંધીજીએ કઈ રીતે કર્યો ?

**3.** (A) નીચે આપેલ આમાંથી સાચો વિકલ્પ પસંદ કરો. *4*

(a) હિંદુસ્તાનમાં કામ કરનારને ખાવા નથી મળતું પણ કામ નહીં કરનારને મળી રહે છે.

(i) નાયિકા

(ii) નાયક

(iii) મહારાજ

(b) મૂળતત્ત્વમાં સૌથી હલકું છે.

(i) હાઈડ્રોજન

(ii) નાઈટ્રોજન

(iii) ઑક્સિજન

(c) ના ! ડાકણ ચિંતા છે. માનવીના કાળજાને કોરી ખાય છે.

(i) કાળુ

(ii) રાજુ

(iii) રૂખી

(d) સુમેરમાં આડી, ઊભી અને ત્રાંસી રેખાઓથી બનેલાં લિપિચિહ્નો ને અક્ષર તરીકે ઓળખવામાં આવે છે.

(i) બ્રાહ્મી

(ii) ખરોષ્ટી

(iii) કીલાક્ષર

(B) નીચે આપેલાં વાક્યોના અર્થવાળી કહેવતો દર્શાવો. *4*

(a) આનુવંશિક રીતે શક્તિ, પ્રતિભા ધરાવનારને બહારની કોઈ મદદની જરૂર પડતી નથી.

(b) કામ કોઈ બીજું કરે અને એનું ફળ કોઈ અન્ય ભોગવે.

(c) એકવાર ઠોકર ખાધેલો માણસ કાયમ ચેતીને ચાલે છે.

(d) ધીરજ ધરવી સારી દરેક બાબતમાં.

**4.** (a) નીચેના પૈકી ગમે તે *બે* વિશે ટૂંક નોંધ લખો. *6*

(i) હિંદુસ્તાનની તાકાતનો આધાર

(ii) મહાપ્રાણ અને અલ્પપ્રાણ વ્યંજનો

(iii) દાંડીકૂચનું રાષ્ટ્રીય ચળવળના ઈતિહાસમાં મહત્ત્વ

(b) અલંકાર ઓળખો. *4*

(i) રોજ સવારે સૂર્યનાં કિરણો મારી છાતી પર બેસે.

(ii) મેં બેઠકની પાસેના પિત્તળના સળિયા ઝોડની જેમ પકડી રાખ્યા.

(iii) વૃક્ષ એ જાણે રૂપ–રંગ–રસનો લહેરાતો સાગર છે.

(iv) પહેલાં તો લોકોના હૃદયના ઠાકરદ્વારની મરામત થવી જોઈએ.

**5.** (A) યોગ્ય વિકલ્પ શોધી નીચેનાં વિધાનોની પૂર્તિ કરો. *4*

(a) આઝાદીના લાભ મેળવવા હોય તો લોકોએ –

(i) પોતાને ફાળે આવતી જવાબદારી અદા કરવી જોઈએ.

(ii) પોતાના અધિકારો બાબત ખૂબ સજાગ રહેવું જોઈએ.

(iii) યોગ્ય મતદાન કરીને સારી સરકાર ચૂંટવી જોઈએ.

(b) સ્વામી આનંદનું કારણ મળતાં જ લેખક હરદ્વાર પહોંચ્યા, કારણ કે –

(i) ગંગાસ્નાન માટે તેઓ ખૂબ આતુર હતા.

(ii) પોતે હરદ્વારમાં ગંગાસ્નાની બાધા રાખી હતી.

(iii) હરદ્વારમાં સ્વામી આનંદ મળશે જ એવી તેમને ખાતરી હતી.

(c) અનુવાદકે પોતાની સર્જનશક્તિ –

(i) મૂળ લખાણને વફાદારીથી રજૂ કરવામાં વાપરવી જોઈએ.

(ii) મૂળ લખાણ કરતાં અનુવાદ સારો થાય એમાં વાપરવી જોઈએ.

(iii) મૂળ લખાણને બરાબર સમજવામાં વાપરવી જોઈએ.

(d) મહાજને અનાજ ધર્માદા આપવાનું નક્કી કર્યું, કારણ કે –

(i) એવું ન કરે તો અનાજના કોઠાર લૂંટાઈ જાય એમ હતું.

(ii) સરકારે એ માટે દબાણ કર્યુ હતું.

(iii) ખેડૂતવર્ગ જીવિત રહે એમાં પોતાનું પણ ભલું હતું એવી એને પ્રતીતિ થઈ.

(B) નીચેનાં કથનો સમજાવો. (કોઈ પણ બે) *6*

(a) લોકો આનાવારીને 'ખાટલા આનાવારી' તરીકે ઓળખાવે છે.

(b) વ્યક્તિસ્વાતંત્ર્ય અને લોકશાહીનો સંબંધ.

(c) 'કડલાં' શીર્ષકની યથાર્થતા.

**6.** (a) નીચેનાં ખોટાં વિધાનો સુધારીને ફરીથી લખો. *3*

(i) 'ચ', 'છ', 'જ' અને 'ઝ' ધ્વનિઓ વખતે જીભનો પાછળનો ભાગ કંઠ પાસે અડકીને હવાને અવરોધે છે.

(ii) 'ટ', 'ઠ', 'ડ' અને 'ઢ' ના ઉચ્ચારણ કરતી વખતે જીભનું ટેરવું દંતસ્ય સ્થાન પર હવાને અવરોધે છે.

(iii) 'ણ' અને 'ન' પ્રકંપી ધ્વનિઓ છે.

(b) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. *3*

(i) તાલુકાની વસૂલાત સંબંધી કામ કરનાર અમલદાર _________ .

(ii) હલકી ધાતુને કીમતી બનાવવાની ગુપ્ત રસાયણવિદ્યા _________ .

(iii) રાષ્ટ્રમાં એક જ વ્યક્તિ સર્વ સત્તાવાન હોય એવો વાદ _________ .